ચિક્કાર દારૂ ઢીંચીને ચ-૦ પાસે લથડીયા ખાતા બે ઝડપાયા

અમીયાપુર ગામના બન્ને યુવાનોની ધરપકડ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરના રાજમાર્ગનો છેડો જે સર્કલ સુધી જાય છે તેવા ચ-૦ સર્કલ પાસે દારૂના નશામાં ધુત થઈને લથડીયા ખાતા-ખાતા જઈ રહેલા બે યુવાનો પર પોલીસનું ધ્યાન જતાં તપાસ કરી હતી તે બન્ને પીધેલા હોવાનું જણાતા પોલીસે બન્નેની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. પીધેલા પકડાયેલા બન્ને યુવાનો ગાંધીનગર નજીક આવેલા અમીયાપુર ગામનાં હોવાનું બહાર આવ્યું છે.

શહેરની સેક્ટર-૭ પોલીસ પેટ્રોલીંગમાં હતી તે સમયે ચ-૦ સર્કલ પાસેથી બે યુવાનો રાજપાટમાં ફરી રહ્યા હોવાનું પોલીસની નજરે ચઢ્યું હતું. લથડીયા ખાઈને આમ-તેમ ઘુમી રહેલા બન્ને યુવાનોને પકડીને પોલીસે તપાસણી કરતાં ચિક્કાર દારૂ પીધો હોવાનું જણાઈ આવ્યું હતું. ગાંધીનગર પાસેના અમિયાપુર ગામમાં રહેતા ભરતજી બચુજી ઠાકોર અને સુનીલ ગાભાજી ઠાકોર બન્ને પીધેલા યુવાનોની પ્રોહીબીશન એક્ટ મુજબ ગુનો દાખલ કરીને સે. ૭ પોલીસે ધરપકડ કરી ટેસ્ટ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. સે. ૭ પોલીસમથકના જમાદાર લક્ષ્મણસિંહે આ બનાવ સંદર્ભે તપાસનો દૌર શરૂ કર્યો છે.

ગાંધીનગર જિલ્લા ટી.બી. કન્ટ્રોલ સોસાયટી દ્વારા વિશ્વ ક્ષય દિન ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૨

ક્ષય રોગના ત્વરીત નિદાન અને સારવાર તેમજ સમાજમાં તેની વ્યાપક જાણકારી પ્રશરે તેવા શુભ આશયથી વિશ્વ ક્ષય દિન ઉજવાય છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લા ટી.બી. કન્ટ્રોલ સોસાયટી દ્વારા તા. ૨૬મી માર્ચ-૨૦૧૩ને મંગળવારે સવારે ૧૦ કલાકે આંબેડકર હોલ, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે વિશ્વ ક્ષય દિવસની ઉજવણી કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લા ટી.બી. કન્ટ્રોલ સોસાયટી દ્વારા વિશ્વ ક્ષય દિન ઉજવણી પ્રસંગે સમારંભના અધ્યક્ષ તરીકે અધિક નિયામક ડૉ. પરેશ દવે, ઉદ્‌ઘાટક તરીકે જિલ્લા વિકાસ અધિકારી બી.જે. ભટ્ટ, મુખ્ય મહેમાન તરીકે વાઈસ પ્રેસીડેન્ટ નવીનકુમાર શર્મા અને અતિથિ વિશેષ તરીકે વિભાગીય નાયબ નિયામક ડૉ. કે.બી. પટેલ, સિવિલ સર્જન ડૉ. બી.બી. પટેલ અને જુ.સિ.કા.ના પ્રમુખ કમલભાઈ ચૌધરી ખાસ ઉપસ્થિત રહેશે. સમાજમાં ખાસ કરીને, સામાજિક અને આર્થિક રીતે પછાત લોકોમાં ક્ષય રોગની જાગૃતિ લાવવા સમગ્ર કાર્યક્રમ યોજાશે એમ જિલ્લા ક્ષય અધિકારી ડૉ. એમ.એચ.સોલંકી અને જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. આર.આર. વૈદ્યે જણાવ્યું છે.

ગુજરાત સ્ટેટ ગવર્મેન્ટ પ્રેસીસ કલાસ થ્રી એસોસિએશનના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત સ્ટેટ ગવર્મેન્ટ પ્રેસીસ કલાસ થ્રી એમ્પ્લોઈઝ એસોસીએશનની વાર્ષિક સામાન્ય સભા સરકારી પ્રેસ ભાવનગર ખાતે મળી હતી. જેમાં સને ૨૦૧૩ના વર્ષ માટે એસોસીએશનના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ગાંધીનગર યુનિટના હોદ્દેદારોની પણ વરણી કરાઈ હતી.

પ્રમુખ તરીકે બીપીન ગજ્જર, ઉપપ્રમુખ તરીકે ડી.ડી. જાડેજા, બી.એમ. ગાયકવાડ, મહામંત્રી તરીકે આર.એન. પટેલ, મંત્રી તરીકે બળવંતસિંહ પરમાર, હરેશ ભટ્ટ, એસ.એન. સોલાપુરકર, એ.એમ. મ્હાલે, નીતિન ભટ્ટ, કોષાધ્યક્ષ તરીકે ટીકુજી ગોલની નિમણુંક કરવામાં આવી છે. સંચાલન સમિતિના સભ્યોમાં ગાંધીનગર માટે કે.એમ. શર્મા, વી.ડી. સોલંકી, આર.પી. રાવળ, કે.જી. મોમીન, કે.જે. પટેલની વરણી થઈ છે.

એસોસીએશનના ગાંધીનગર યુનિટ માટે મંત્રી તરીકે બળવંતસિંહ પરમારની તથા કારોબારી સભ્યો તરીકે કે.જી. મોમીન, આર.પી. રાવલ, કે.જે. પટેલ, કે.એમ. શર્મા, વી.ડી. સોલંકીની તથા ખાતાના પ્રતિનિધિઓ તરીકે એમ.એસ. વાળંદ (વાંચન) એચ.કે. પટેલ (કચેરી), એ.એચ. મહેતા (બાઈન્ડીંગ), એસ.આર. ડાભી (વર્ગ-૪)ની વરણી કરવામાં આવી છે.

ચાંદખેડામાં આકાશ દ્વારા વર્લ્ડ ક્લાસ કોચીંગ સેન્ટર

અમદાવાદા, તા. ૨૨

મેડિકલ અને એન્જિનિયરીંગ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની રાષ્ટ્રીય સ્તરે લેવાતી પરીક્ષાઓ માટે બેસ્ટ કોચીંગ અને બેસ્ટ મેથોડોલોજી માટે જાણીતી દેશની અગ્રણી કોચિંગ ઈન્સ્ટિટ્યુટ એવી આકાશ એજ્યુકેશનલ સર્વિસીસ લિમિટેડ ગુજરાતના વધુ વિદ્યાર્થીઓ સુધી પોતાનું કોચિંગ પહોંચાડતા અમદાવાદમાં પોતાનું બીજુ કોચિંગ સેન્ટર શરૂ કરી રહી છે. ગાંધીનગર તેમજ આસપાસના વિસ્તારોના વિદ્યાર્થીઓને વર્લ્ડ ક્લાસ કોચિંગ પુરૂ પાડવા માટે આકાશ દ્વારા ચાંદખેડા વિસ્તારમાં આ બીજુ સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. આકાશ એજ્યુકેશનલ સર્વિસીસ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર જે.સી. ચૌધરીએ આજે આકાશના ટોપ ક્લાસ ટ્રેનર્સ તથા આગામી બેચના સ્ટુડન્ટસ અને શિક્ષણ ક્ષેત્રના માંધાતાઓની હાજરીમાં આ બીજા સેન્ટરનું ભવ્ય સમારોહ સાથે ઉદ્‌ઘાટન કર્યુંહતું. ચાંદખેડામાં ન્યુ સીજી રોડ ખાતે શિલ્પ એન્ક્લેવમાં આ સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે, જેમાં હવે થોડા જ દિવસોમાં નવી બેચ સાથે કોચિંગ શરૂ કરવામાં આવશે.

આ અંગે આકાશ એજ્યુકેશનલ સર્વિસીસ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર જે.સી. ચૌધરીએ જણાવ્યું હતું કે અમદાવાદ હવે ગુજરાતનું નોલેજ કેપિટલ બની રહ્યું છે અને અમદાવાદ સહિત સમગ્ર રાયમાંથી વિદ્યાર્થીઓ બેસ્ટ અને ક્વોલીટી એજ્યુકેશન માટેની ઈચ્છા ધરાવે છે. ત્યારે તેઓની ઈચ્છા અને શોધને પુરી કરતા તેઓને પ્રોપર ગાઈડન્સ અને ટ્રેનિંગ આપવાની જરૂર છે. આ ક્વોલિટી એજ્યુકેશનની જરૂરિયાતને પુરી કરતા અને મેડિકલ તથા એન્જિનિયરિંગમાં પ્રવેશ લેવાની વિદ્યાર્થીઓની વધતી માંગને ધ્યાનમાં રાખતા અમે અમદાવાદમાં અમારૂ આ બીજુ કોચિંગ સેન્ટર શરૂ કરી રહ્યા છીએ. છેલ્લા ૨૪ વર્ષના અમારા કોચિંગના બહોળા અનુભવ સાથે અને મેડિકલ એન્જિનિયરિંગ એન્ટ્રન્સ એક્ઝામ્સ હજારો વિદ્યાર્થીઓને ટોપ કરાવવા સાથે તેઓનું બેસ્ટ સિલેક્શન કરાવતા આજે અમે સમગ્ર દેશમાં ૩૦ વધુ કોચિંગ સેન્ટર્સ ધરાવીએ છીએ, જેમાં દર વર્ષે ૬૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ ક્લાસરૂમ કોચિંગ મેળવે છે અને પોતાના માતા-પિતાનું સપનું સાકાર કરે છે.

સે. ૧૩માં લિંબચમાતાના મંદિર સામે ઘણા સમયથી ગટર ઉભરાતા રહિશો ત્રાહિમામ

ગાંધીનગર, તા. ૨૨

પાટનગરના સેક્ટર-૧૩ સ્થિત લિંબચમાતાના મંદિરની સામે આવેલા પ્રાઈવેટ રહેણાંક વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ગટર ઉભરાયછે. ગટરનું ગંદુ પાણી સોસાયટીના રસ્તા પર ફરી વળતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. સ્થાનિક રહિશોના આરોગ્ય સામે પણ ખતરો મંડરાઈ રહ્યો છે. રહિશોએ તંત્ર સમક્ષ અનેકવાર ફરિયાદો કરવા છતાં તંત્રના કર્મચારીઓ ગટર ઉભરાયેલી રીપેર કરવા ફરકયા પણ નથી. આથી રહિશોમાં રોષ ભભુક્યો છે.

શહેરના સેક્ટર-૧૩ ખાતે આવેલ લિમ્બચ માતાના મંદિરની સામે આવેલા પ્રાઈવેટ રહેણાંક વિસ્તારના પ્લોટ નં. ૪૨૯/૨માં રહેતા દશરથભાઈ મેવાલના ઘર પાસે તેમજ પ્લોટ નં. ૪૩૦માં રહેતા મુકેશભાઈના ઘરે છેલ્લા ઘણા દિવસોથી ગટર ઉભરાય છે. ગટરનું ગંદુ પાણી રસ્તા પર ફેલાઈ જાય છે. અસહ્ય ગંદકીને લીધે દુર્ગંધ મારે છે. મચ્છરોનો ઉપદ્રવ પણ વધી જવા પામ્યો છે. માટે આસપાસમાં રહેતા રહિશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. તેમના આરોગ્ય સામે પણ ખતરો ઉભો થવા પામ્યો છે. ગટર રિપેર કરવામાં રહિશોએ તંત્ર સમક્ષ અનેકવાર ફરિયાદ કરવા છતા હજુ સુધી કોઈ આવ્યું નથીતેમ રહિશો જણાવી રહ્યા છે. ગટર ઉભરાવાનો પ્રોબ્લેમ વારંવાર થાય છે. તંત્ર દ્વારા કાયમી ઉકેલ લાવવામાં આવતો નથી. માત્ર કામચલાઉ નિકાલ લાવવામાં આવતો હોવાથી રહિશો રોષે ભરાયા છે.

(તસવીર : નિકેશ બારોટ)

સેકટર-૩/સીમાં આજે આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૨૨

શ્રીમતી ગૌરીબેન બળદેવભાઈ પરમાર સેકટર-૩/સી, પ્લોટ નં. ૫૯૪/૨માં તારીખ ૨૩મી માર્ચના રોજ બપોરે ૨.૦૦ કલાકે બહુચરમા, મેલડીમા ગરબા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા યોજાશે. ભાવિકોને આમંત્રણ પાઠવેલ છે.

આજે વાવોલ ખાતે કન્હૈયાલાલ મહારાજનો સુંદરકાંડ

ગાંધીનગર, તા. ૨૨

વાવોલ ખાતે શાલીન-૪માં શ્રી શિવ મહાપુરાણ કથા તા. ૨૩ માર્ચ રાત્રે ૮.૩૦ કલાકે ગુજરાતના પ્રસિદ્ધ કથાકાર શ્રી કન્હૈયાલાલજી મહારાજની વ્યાસપીઠે સંગીતમય સુંદરકાંડ પાઠનું આયોજન કરેલ છે. ધર્મપ્રેમીઓને આમંત્રણ પાઠવેલ છે.

જૈન સોશ્યલ ગ્રુપ ગાંધીનગરનો ધુળેટીના દિવસે 'રંગબરસ'

ગાંધીનગર, તા. ૨૨

જૈન સોશ્યલ ગ્રુપ ગાંધીનગર તરફથી ધુળેટીના દિવસે તા. ૨૭ માર્ચ આંબેડકર ભવન સેકટર-૧૨ ખાતે 'તોલ- મોલ કે બોલ રંગ બરસે' કાર્યક્રમ યોજાશે. જૂના સભ્યોનું રીન્યુઅલ તથા નવા સભ્યો નોંધવામાં આવશે.

વાલમ બ્રાહ્મણ મહામંડળનો સન્માન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

વાલમ બ્રાહ્મણ મહામંડળના તેજસ્વી વિદ્યાર્થીઓ તથા સમગ્ર ગુજરાતમાં વસતા વાલમ જ્ઞાતિના મંડળોના આગેવાનોનો સન્માન સમારંભ આવતીકાલે અમદાવાદ મુકામે યોજાશે.

ગુજરાતના કન્વીનર તરીકે નિઃસ્વાર્થ કામ કરતા સૂર્યકાંતભાઈ પુરોહિતે જણાવ્યું છે કે વાલમ બ્રાહ્મણ જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનીત કરવાનો તથા સમગ્ર ગુજરાતમાં વસતા વાલમ જ્ઞાતિના મંડળો-ચુંવાળ, વઢિયાર, દશકોશી, મુંબઈ, સોરઠના આગેવાનોનો પણ સન્માન સમારંભ પૂજા વિદ્યાલય, સી.ટી.એમ. અમદાવાદ મુકામે તા. ૨૪મી માર્ચ-૨૦૧૩ને રવિવારે બપોરે ૩.૩૦ કલાકે યોજાશે. આ કાર્યક્રમમાં જોડાવા ઈચ્છતા જ્ઞાતિજનોએ કન્વીનર સૂર્યકાંતભાઈ પુરોહિતનો મો. નં. ૯૦૯૯૯૧૮૩૯૨ ઉપર સંપર્ક કરવો.

CCC+ બોગસ સર્ટી કૌભાંડના મુખ્ય સુત્રધારની ધરપકડ

પોતાના ઘરે સર્ટી બનાવીને રૂ. ૪૫૦૦માં એક સર્ટી વેચતો હતો : ૧૫૦થી વધુ કર્મચારી-અધિકારીઓના ભોગ લેવાય તેવી શકયતા : મસ મોટું કૌભાંડ આચરનાર સહીત પાંચ શખ્સો ૩ દિવસના રીમાન્ડ પર : સર્ટી બનાવવા વપરાતો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા.૨૨

એસ.આર.પી. જવાનોના CCC+ સર્ટીફીકેટ બનાવટી હોવાની શંકાને આધારે ડીવાયએસપીએ કરાવેલા સર્ટીના વેરીફીકેશન બાદ બોગસ સર્ટીનું મસમોટું કૌભાંડ બહાર આવવા પામ્યું છે. જેમાં ગાંધીનગર એલસીબીએ ૩ એસઆરપી જવાન ઉપરાંત એક હેડ કલાર્ક તથા બોગસ સર્ટી બનાવી આપનાર મુખ્ય સુત્રધાર મળીને પાંચ જણાની ધરપકડ કરી લીધી છે. આ સમગ્ર કૌભાંડમાં અંદાજે ૧૫૦ જેટલા કર્મચારી-અધિકારીઓની નોકરી જાય તેવી શકયતા નકારી શકાય નહીં. પાંચેય શખ્સોની સઘન પુછપરછ માટે કોર્ટે ૩ દિવસના રીમાન્ડ મંજુર કર્યા છે. ગાંધીનગર એલસીબીની ટીમે મુખ્ય સુત્રધારના ઘરેથી સર્ટી બનાવવા વપરાતા કોમ્પ્યુટર સહીતનો મુદ્દામાલ જપ્ત કરી પુછપરછ શરૂ કરી છે.

સમગ્ર CCC+ બોગસ સર્ટી કૌભાંડ આચરનાર મુખ્ય સુત્રધાર શહેરના સેક્ટર-૨૧ ચ ટાઈપ બ્લોક નં. ૧૧૫/૪માં રહેતા અને એફએસએલમાં કલાર્ક તરીકે ફરજ બજાવી ચુકેલા કર્મચારી બાબુભાઈ મોજીગરનો દિકરો સુશીલ હોવાનું બહાર આવ્યું છે. એલસીબી પી.આઈ. આશુતોષ પરમારે આરંભેલી મસમોટા બોગસ સર્ટીના કૌભાંડની તપાસમાં ખુલવા પામ્યું હતું કે સુશીલ પોતાના ઘરે એક કોમ્પ્યુટરમાં જ ગવર્નમેન્ટ પોલીટેકનીક ઈન્સ્ટીટયુટ નામની સંસ્થાનું બોગસ સર્ટીફીકેટ બનવી આપતો હતો. એસ.આર.પી. જવાનો ભાવેશ, શૈલેષ અને રામદેવસિંહની મદદથી સુશીલ CCC+ સર્ટીના ગ્રાહકોને મેળવતો હતો અને એક સર્ટી બનાવી આપવાના રૂ. ૪૫૦૦ લેતો હતો. પ્રાથમિક તપાસમાં આ શખ્સે અત્યાર સુધી એસઆરપી, પોલીસ તથા શિક્ષણ સહિતના ખાતાના ૧૫૦ જેટલા કર્મચારી-અધિકારીઓને CCC+ ના બોગસ સર્ટી આપ્યા હોવાનું ધ્યાને આવ્યું છે. જે પૈકી કેટલા અધિકારી-કર્મચારીઓએ સર્ટી ખાતામાં રજુ કરી દીધા છે. તેની તપાસ બાદ સર્ટી વેરીફીકેશન કરી તે તમામ કર્મચારી-અધિકારીઓ વિરુધ્ધ ગુનો દાખલ કરવામાં આવશે અને બોગસ સર્ટી સબમીટ કરીને ગુના કરનાર તે તમામની સરકારી નોકરી છીનવાઈ જશે. આ બોગસ સર્ટી કૌભાંડ આચરનાર શખ્સ સુશિલે ૧૫૦ સર્ટી બનાવ્યા છે કે તેનાથી પણ વધુ? તેની ઝીણવટભરી તપાસ ચાલી રહી છે અને એલસીબીએ આજે તેના ઘરેથી કોમ્પ્યુટર, સ્કેનર, પ્રીન્ટર અને એલસીડી મોનીટર કબ્જે લઈ સીપીયુ એફએસએલમાં મોકલવા તજવીજ શરુ કરી છે. ઉપરોકત પાંચેય આરોપીઓની ઊંડી પુછપરછ માટે કોર્ટમાં રજુ કરી એલસીબી પોલીસે સાત દિવસના રીમાન્ડની માંગણી કરતા કોર્ટે ત્રણ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. ઉલ્લેખનીય છે કે આ મોટા કૌભાંડમાં સંખ્યાબંધ સરકારી કર્મચારી-અધિકારીઓનો ભોગ લેવાશે.

કેનાલમાંથી મળેલો મૃતદેહ સે. ૨૭ના યુવાનનો નિકળ્યો

માનસીક બિમારીથી ત્રસ્ત યુવાન ૧૯ માર્ચથી ગાયબ હતો

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર નજીકના અંબાપુર નર્મદા કેનાલમાંથી ગઈકાલે બપોરે મળી આવેલા અજાણ્યા યુવાનના મૃતદેહ સંદર્ભે પોલીસે તપાસ કરતાં આ મૃતદેહ શહેરના સેક્ટર-૨૭ ના એક પરિણીત યુવાનનો હોવાનું બહાર આવ્યું છે. તેણે માનસિક બિમારીથી કંટાળીને આપઘાત કરી લીધો હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. અડાલજ પોલીસે તે દિશામાં પણ તપાસ શરૂ કરી છે.

ગઈકાલે બપોરના સુમારે ગાંધીનગર પાસેના અંબાપુર ગામથી પસાર થતી નર્મદા કેનાલમાંથી એક અજાણ્યા યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો.

અડાલજ પોલીસમથકના જમાદાર ભીખાભાઈએ તપાસ શરૂ કરતાં મૃતદેહ ગાંધીનગરના સે. ૨૭માં રહેતા એક યુવાનનો હોવાનું બહાર આવ્યું છે. ૧૯ માર્ચના રોજ સે. ૨૭માં રહેતા નિવૃત્ત કર્મચારી જેસીંગભાઈ રત્નાકરના ૩૦ વર્ષિય પરિણીત પુત્ર હિમાંશુભાઈ ઘરેથી કોઈને કહ્યા વિના ક્યાંક ચાલ્યા ગયા હતા. દરમ્યાન ગઈકાલે મળેલો મૃતદેહ હિમાંશુનો હોવાનું બહાર આવ્યું હતું. અડાલજ પોલીસે આરંભેલી પ્રાથમિક તપાસમાં આ યુવાને માનસીક બીમારીથી કંટાળીને કેનાલમાં ઝંપલાવી દીધુ હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી સઘન તપાસ શરૂ કરી છે.

વિશ્વ જળ દિવસ પ્રસંગે ગાંધીનગર સ્થિત સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડેનમાર્કના ભારત ખાતેના રાજદુત ફ્રેડી સ્વેને ગુજરાત પાણી પુરવઠા બોર્ડના ચેરમેન અને અગ્ર સચિવ શ્રી સિંઘ, જલ સેવા તાલિમ સંસ્થાના નિયામક વિજય પટેલ, વાસ્મોના પ્રોજેક્ટ ડાયરેક્ટર એચ.એસ.વાકાણી, તજજ્ઞ ડો.જે.એમ.બારોટ, આગાખાન સંસ્થાના સી.ઈ.ઓ. અપૂર્વ ઓઝા સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વૈજ્ઞાનિક અધિકારી ભાવનાબેન ત્રિવેદીએ કર્યુ હતું. પ્રસ્તુત તસવીરમાં પાણીના બચાવ વિષયક વકતૃત્વ સ્પર્ધામાં દ્વિતીય સ્થાને વિજેતા થયેલી કુમારી ધ્યાની અજયકુમાર પુરોહીતને, ટ્રોફિ એનાયત થઈ રહેલી જોઈ શકાય છે.

કાલુપુરમાં છોટા હાથી વાહનની ટક્કર વાગતા ત્રણને ઈજા

અમદાવાદ, તા. ૨૨

શહેરના કાલુપુર વિસ્તારમાં ગત મોડી રાત્રે હોટલમાં ચા પીવા ઊભેલા ત્રણ મિત્રોને એક છોટા હાથી વાહન ચાલકે અડફેટે લઈ ઈજા પહોંચાડી નાસી છુટ્યા હતા. પોલીસે આ અંગે ગુનો નોંધી વાહન નંબરના આધારે વાહન ચાલકને ઝડપવા તજવીજ હાથ ધરી છે.

ચાંદખેડા ભુરાભાઈ પાર્ક સોસાયટીમાં વિક્રમ કાળુભાઈ તેના પરિવાર સાથે રહે છે. ગઈકાલે રાત્રે ૨.૩૦ વાગ્યે વિક્રમ તેના બે મિત્રો નરેશ અને રવિ સાથે કાલુપુર રેલ્વે ટ્રવાખાના પાસે આવેલી હોટલ પર ચા પીવા ઊભા હતા. તે દરમ્યાનમાં કાલુપુર તરફથી એક છોટા હાથી પુરપાટ ઝડપે આવી અને રોડ પર ઊભેલા આ ત્રણેય મિત્રોને અડફેટે લીધા હતા અને ટક્કરમારી વાહન ચાલક નાસી છુટ્યોહતો. ટક્કરથી વિક્રમને પગમાં ફેક્ચર થઈ ગયું હતું. તેમજ અન્ય બે મિત્રોને નાની મોટી ઈજા થઈ હતી. આ અંગે વિક્રમની ફરિયાદને આધારે કાલુપુર પોલીસે ગુનો નોંધી વાહન ચાલકને ઝડપવા તજવીજ હાથ ધરી છે.

શહેરમાં ચેઈન સ્નેચિંગના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યાં છે. છતાં પોલીસતંત્ર દ્વારા આ ચેઈન સ્નેચરોને પકડકવામાં તેમજ રોકવામાં નિષ્ફળ સાબિત થઈ રહી છે. શહેરના નોબલનગર પાસે આવેલા ઘનશ્યામ શોપિંગ સેન્ટર પાસેથી ગઈકાલે રાત્રે એક મહિલાના ગળામાંથી સોનાનો દોરો તોડી લૂંટારાઓ નાસી છૂટ્યા હતા.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૨

સૂર્યાસ્ત : ૬.૪૭

તાપમાન

મહત્તમ : ૩૬.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૦.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૮ ટકા ● સાંજે ૨૬ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ઑલમ્પસ હૅસ ફૉલન (હિન્દી) : ૯.૧૫, ૧.૪૫, ૬.૧૫, ૧૦.૪૫

સોના સ્પા : ૧૧.૪૫

મેરે ડૅડ કી મારુતિ : ૪.૧૫, ૮.૪૫

: સ્ક્રીન-૨ :

આત્મા : ૧૦.૩૦, ૧૨.૩૦, ૨.૩૦, ૪.૩૦, ૬.૩૦, ૮.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :

જૉલી એલએલબી : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૬.૪૫, ૯.૩૦

: સ્ક્રીન-૪ :

રંગરેઝ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સૂર્યા, વાવોલ

રંગરેઝ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

પ્રેમના દુશ્મન (ગુજરાતી) : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

રંગરેઝ : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

આત્મા : ૧૦.૧૫, ૧૨.૩૦, ૩.૩૦, ૫.૪૫, ૮.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :

ઉજી : ૧૦.૦૦, ૩.૧૫, ૧૦.૪૫

જૉલી એલએલબી : ૧૨.૪૫, ૬.૦૦, ૮.૩૦

વિરાગ, કલોલ

આખા જગથી નિરાળી મારી સાજણા : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ટાઉન હોલ

- શિવરંજની ગાંધીનગર દ્વારા સુપર સ્ટાર રાજેશ ખન્નાને સૂરાજંલિ આપતો 'જિંદગી કા સફર.. હૈ યે કૈસા સફર...' સંગીતનો કાર્યક્રમ રાત્રે ૯.૩૦ કલાકે.

આપની આજ

મેષ : સંપતિ ખરીદવાનો યોગ બનશે. અધ્યયનમાં મન લાગશે. સહયોગ અને સારા સંબંધોને કારણએ લાભને ઉન્નતિનો માર્ગ મોકળો થશે. નવી આયોજનો માટે રોકાણ કરતાં પહેલાં યોગ્ય તપાસ કરવી હિતાવહ રહેશે.

વૃષભ : જનકલ્યાણની ભાવનાને કારણે પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. અધિકારી વર્ગ અને પ્રચાર કાર્યોથી લાભ થવાની સંભાવના. દોડધામ લાભદાયી તથા સાર્થક સિદ્ધ થઈ શકે છે. જળ ક્ષેત્રોની વિશેષ યાત્રાઓનું આયોજન થઈ શકે છે. સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે.

મિથુન : નવા સંબંધ બનશે. સત્સંગ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સંતાન તરફથી સુખદ સમાચાર મળશે. આપના કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યા છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે.

કર્ક : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થશે. તમારી વ્યવહાર કુશળતાથી વ્યાપારમાં લાભ મેળવવાની સંભાવના છે. આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી-વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે.

સિંહ : સામાજિક ક્ષેત્રોમાં સફળતાનો યોગ. ભવન નિર્માણ સંબંધી કાર્ય થશે. અપરણિતો માટે લગ્નનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં શુભ મંગળ કાર્ય થશે. વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે.

કન્યા : સામાજિક ક્ષેત્રોમાં સફળતાનો યોગ. ભવન નિર્માણ સંબંધી કાર્યો થશે. નવા સંબંધ બની શકે છે. સામાજિક ક્ષેત્રોમાં માન- સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે.

તુલા : સામાજિક પ્રશંસાથી હર્ષ થશે. રચનાત્મક કાર્યોમાં વ્યસ્તતા વધશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. ધર્મ આધ્યાત્મ સંબંધી વિશિષ્ટ સંશોધન કાર્ય પૂર્ણ થશે. યાત્રાનો વિશેષ યોગ. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકશે.

વૃશ્ચિક : સંતાનથી શુભ અને પ્રગતિવર્ધક સમાચાર મળશે. કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે. વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું.

ધન : સાહિત્યિક પ્રવૃત્તિઓ પર સમય પસાર થશે. આર્થિક ક્ષેત્રમાં સંયમ રાખવું. કુટુંબનું સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે. ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે.

મકર : સ્વભાવની સાદગીનો લાભ આપના સુખમાં વૃદ્ધિકારક થશે. ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન- સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે.

કુંભ : વિઘ્નો, મુશ્કેલીઓનો સમનો કરી લક્ષ્યને પ્રાપ્ત કરવામાં સફળ થશો. આમોદ- પ્રમોદ વિલાસિતામાં સમય પસાર થશે. અનુકૂળ પરિણામ માટે સક્રિયતા અને નિશ્ચિતતા આવશ્યક છે.

મીન : તમારી વિવેકની વિપરીત કાર્ય થવાથી હાનિ થઈ શકે છે. અટકેલા નાણાં માટે પ્રયત્ન કરવાથી લાભ થવાની સંભાવના છે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબનું વાતારવણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટશે.